કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી
૩૮૮૧૧૦-આણંદ
ફોન નં(૨૬૯૨૦).૨૬૩૯૭૨ email: bnbhalia@gmail.com

વંચાણે લીધો: (૧) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક: આકૃયુ/કાઈ/યુ.૧૫/મકાન/૭૬૧૫/ તા:૨૦-૧૦-૧૫
(૨) માન.કુલપતિશ્રીએ તા:૧૯-૧૧-૨૦૧૫ના પત્ર ઉપર આપેલ રીમાકર્સ મુજબ

# -::: પરિપત્ર::-

ઉપરોકત વંચાણે લીધેલ પરિપત્રથી આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ યુનિટ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ પાસેથી કેમ્પસ ખાતે મકાનમાં રહેતાં હોય અને નોકરીના સ્થળથી ૧૦ કિ.મી. આજુ બાજુ પોતાના કે પોતાની પત્નીના નામે મકાન ન ધરાવતાં હોય તો નમુના-૧ મુજબનું પ્રમાણપત્ર તથા જે અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ નોકરીના સ્થળથી ૧૦ કિ.મી. આજુ બાજુ પોતાના કે પોતાની પત્નીના નામે મકાન ધરાવતાં હોય તો નમુના-૨ મુજબનું પ્રમાણપત્ર રજુ કરવા જણાવેલ હતું.

સંદર્ભ-૨ની રજુઆત ઉપર માન.કુલપતિશ્રીએ આપેલ રીમાકર્સ મુજબ ઘણાં અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ નોકરીના સ્થળથી ૧૦ કિ.મી. આજુ બાજુ પોતાના કે પોતાની પત્નીના નામે મકાન ધરાવતાં હોવા છતાં આ કચેરીને ખોટી માહિતી આપેલ હોય તેમ જણાય છે. તો સદર બાબતે તેવા અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓનેપુનઃ એક તક આપવામાં આવે છે અને નમુનો-૧ અથવા નમુના-૨માં કોઇ સુધારો કરવાનો હોય તો આપશ્રીની કચેરી મારફતે તાઃ ૫-૧૨-૨૦૧૫ સુધી કાર્યવાહી કરી આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

તાઃ ૭-૧૨-૨૦૧૫થી ૧૦ કિ.મી. આજુ બાજુ આવેલ નગરપાલીકા,ગ્રામપંચાયત નો સંપર્ક કરી જરુરી માહિતી કમિટિની રચના કરી કાર્યવાહી કરવામાં આવનાર છે તાઃ ૭-૧૨-૨૦૧૫ બાદ કોઇ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીએ નમુના-૧ અને નમુના-૨માં ખોટી માહિતી રજુ કરેલ હશે તો તેમની સામે યુનિ.ના શિસ્ત અને અપીલના નિયમોનુસાર તેવા કર્મચારીઓ સામે કાર્યવાહી કરવાની આ કચેરીને ફરજ પડશે.

તાઃ ૭-૧૨-૨૦૧૫ બાદ આવેલ કોઇપણ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવા સારું.

કાર્યપાલક ઈજનેર

જા.નં.આકૃયુ/કાઇ/યુ.૧૫/મકાન/માહિતી/ ૯૩૦૯ /૨૦૧૫
તા:૩-૧૨-૨૦૧૫
નકલ સવિનય રવાના:
૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી,આ.કૃ.યુ.આણંદ તરફ જાણ સારું.
૨) અધ્યક્ષશ્રી,મકાન ફાળવણી સમિતિ અને સંશોધન નિયામકશ્રી,આ.કૃ.યુ.આણંદ તરફ જાણ સારું.
૩) તમામ યુનિટ અધિકારીશ્રીઓ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા કેમ્પસ ખાતે રહેતાં કર્મચારીઓને સદર પરિપત્ર વંચાણે લાવવા સારુ;.